**નવી બાબત : વર્ષ ૨૦૨૩-૨૪**

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આંગણવાડીના લાભાર્થીની પોષણસ્તરની ચકાસણી માટે આંગણવાડી કેન્દ્રો માટે ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ (GMD) ખરીદવા માટેની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર,

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2023/0165/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-

1. ભારત સરકારશ્રીની પોષણ અભિયાનના અમલીકરણ માટેની તા.૨૬/૦૨/૨૦૧૮ની માર્ગદર્શિકા
2. ભારત સરકારશ્રીની "મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦" ના અમલીકરણની માર્ગદર્શિકા.
3. ભારત સરકારશ્રીના તા.૧૧/૦૧/૨૦૨૩ ના પત્ર નં.F.No. PA/ 293/2022 -CPMU (e-102529) થી ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ (GMD) ખરીદી માટેના સ્પેશીફિકેશન.

આમુખ:-

ભારત સરકારશ્રી દ્વારા આમુખ-(૧) થી રાષ્ટ્રીય પોષણ અભિયાન (નેશનલ ન્યુટ્રીશન મિશન) ના અમલીકરણ માટે તા.૨૬/૦૨/૨૦૧૮ ના રોજ માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરેલ હતી. આ માર્ગદર્શિકા મુજબ આંગણવાડી કેન્દ્રમાં આવતા લાભાર્થી જેવા કે, કિશોરીઓ, સગર્ભા, ધાત્રી માતાઓ, નવજાત શિશુઓ થી ૬ વર્ષ સુધીના બાળકોના વજન/ઉંચાઈ માપવા માટેના નીચે મુજબના ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ સરકારશ્રીના નીતિ-નિયમ મુજબ રૂ.૧૦૦૦૦/- ની મર્યાદામાં ખરીદી કરી દરેક આંગણવાડી કેન્દ્રોને ફાળવવા જણાવેલ હતુ.

A. ઈન્ફેન્ટોમીટર

B. સ્ટેડિયોમીટર

C. વજન કાંટા (નવજાત શિશુ)

D. વજન કાંટા (માતા અને બાળક)

સરકારશ્રી દ્વારા કિશોરીઓ, સર્ગભા, ધાત્રી માતાઓ, નવજાત શિશુઓ થી છ વર્ષ સુધીના બાળકોના વજન અને ઊંચાઇની સચોટ ચકાસણી કરીને તેઓના પોષણ સ્તરને વર્ગીકૃત કરી તથા તેઓના પોષણ સ્તરની સ્થિતિમાં સુધારો કરવા સારૂ આંગણવાડી કેન્દ્રો પર ગ્રોથ મોનિટરીંગ ડિવાઇઝ ફાળવવામાં આવેલ હતા.

આંગણવાડી કાર્યકર દર મહિને આંગણવાડી કેન્દ્રમાં આવતા તમામ લાભાર્થીઓની વજન અને ઊંચાઇ કરી ભારત સરકારશ્રી દ્વારા વિકસાવવામાં આવેલ એપ્લિકેશનમાં (પોષણ ટ્રેકર) તેની નોંધણી કરે છે. જેથી કુપોષણ, સ્ટેન્ટિંગ (ઠિંગણાપણાં) અને વેસ્ટિંગ (પાતળાપણાં) પર નજર રાખી શકાય.

આમુખ- (૨) થી આંગણવાડી લાભાર્થીઓની વૃદ્ધિનું માપન કરી તેઓના પોષણસ્તરની દેખરેખ કરવા ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝની ખરીદી/રિપ્લેસ સરકારશ્રીના નિતિ નિયમ મુજબ રૂ.૮૦૦૦/- + GST ની મર્યાદામાં કરવા સુચવેલ છે.

આમુખ- (૩) થી ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝના ખરીદી માટેનાં સ્પેશીફિકેશન સુચવેલ છે.

**ઠરાવ:-**

રાષ્ટ્રીય પોષણ અભિયાન (નેશનલ ન્યુટ્રીશન મિશન) અંતર્ગત આંગણવાડીમાં આવતા લાભાર્થીઓની સચોટ વૃદ્ધિ દેખરેખ થઈ શકે તે માટે ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ A. ઈન્ફેન્ટોમીટર B. સ્ટેડિયોમીટર C. વજન કાંટા (નવજાત શિશુ) D.વજન કાંટા (માતા અને બાળક) તમામ આંગણવાડી કેન્દ્રોને ૨૦૧૯ માં ફાળવવામાં આવેલ છે.

હાલ, પોષણ અભિયાન અંતર્ગત નવી બાબત તરીકે રાજ્ય સરકારશ્રી દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૩ -૨૪ માં રાજ્યનાકુલ આંગણવાડી કેન્દ્રો પૈકી પ્રથમ તબક્કામાં રિપ્લેસ કરવાપાત્ર લગભગ એક તૃતીયાંશ ભાગના આંગણવાડી કેન્દ્રો માટે ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝA . ઈન્ફેન્ટોમીટર B. સ્ટેડિયોમીટર C. વજન કાંટા (નવજાત શિશુ) D. વજન કાંટા (માતા અને બાળક) રૂ.૮૦૦૦/+ GST ની મર્યાદામાં સરકારશ્રીના નિતિ નિયમ મુજબ GEM portal ના માધ્યમથી 100% સ્ટેટ બર્ડન હેઠળ આમુખ- (૩) ના પત્રથી મોકલી આપેલ સ્પેશિફિકેશન ધ્યાનમાં રાખી ખરીદી કરવા માટેની કુલ રૂ.૧૪૪૦.૦૦ લાખની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

ભારત સરકારશ્રી દ્વારા તા.૧૧/૦૧/૨૦૨૩ના પત્રથી મોકલી આપેલ સ્પેશિફિકેશન ધ્યાન પર રાખીને વર્ષ ૨૦૨૩-૨૪ માં ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝની ખરીદી કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. આગામી સમયમાં ભારત સરકારશ્રી દ્વારા ઉક્ત સ્પેશિફિકેશનમાં સુધારા/વધારા કરવામાં આવે તો તેને ધ્યાન પર રાખીને ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝની ખરીદી કરવાની રહેશે

**શરતો:**

૧.આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨.ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩.નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઈ શકે.

૪. નવી મશીનરીની ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsource થી Outstanding and Maintenance, કે અન્ય Hybrid Model થી કામગીરી લઈ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.

૫. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરવાની રહેશે નહિ.

૬. નવી મશીનરી ખરીદી માટે હાર્ડવેર Operation and Maintenance માટે Manpowerની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતા તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

૭. નવી મશીનરી ખરીદી માટેનુ મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિંત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૮. નવી મશીનરી ખરીદી માટેનુ ડેડસ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૯. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સૂચનાઓ વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. નવી મશીનરી ખરીદીવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોઈ કેન્દ્ર સરકાર તરફથી આવુ અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

૧૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૨. પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૧૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૧૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૬. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૭. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૮. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

૧૯. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં:- ૧૦૬

મુખ્ય સદર:- ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર:- ૦૨ પોષણ, ખાધ અને પીણાની વહેચણી

ગૌણ સદર:- ૧૦૧ ખાસ પોષણ કાર્યક્રમ

પેટા સદર:- ૨૧- એન.ટી.આર.૨૧ વિજાણુયંત્ર માળખાગત વ્યવસ્થા (૧૦૦% રાજયનો ફાળો)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૮/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.06.21
17:33:23 +05:30

(જે.આઇ.લેઉવા)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૮. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૯. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૧૦. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૧. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન....................

૧૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .....................

૧૩. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૫. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૬. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ.........................

૧૭. શાખા સિલેક્ટ ફાઈલ.